## પ્રવચન નં. ૧૧ ગાથા-૨ તા. ૧૮-૬-૧૯૭૮ રવિવાર જેઠ સુદ-૧૩ સં. ૨૫૦૪

સમયસાર ગાથા-૨. અધિકાર એ ચાલે છે કે જીવ-જીવ, જીવ કેને કહેવો ? એનાં ઘણાં વિશેષણ આવી ગયાં છે પહેલાં.

એને ઉત્પાદ્-વ્યય-ધ્રુવવાળો પણ કહ્યો છે ને ભાઈ ? ઈ શું કહ્યું ઈ ? કે વસ્તુ છે એમાં પર્યાય બદલે છે. નવી નવી અવસ્થા થાય જૂની અવસ્થા જાય, બદલે છે ને, વિચારો બદલે છે, ઈ બદલે છે ઈ એને નવી દશા ઉત્પન્ન થાય ને જૂનીનો નાશ થાય, અને વસ્તુ છે અંદર જે ધ્રુવ એ કાયમ રહે, ઉત્પાદ્વ્યયધ્રુવ સહિત તે તત્ત્વ જીવ છે. અને આમેય કહ્યું ને ગુણપર્યાયવાળું ( દ્રવ્ય ) એ વસ્તુ જે છે ગુણ એટલે ત્રિકાળ રહેનાર, આ વસ્તુ જે છે આત્મા અંદર એ ત્રિકાળ રહેનાર છે એ અપેક્ષાએ ધ્રુવ, અને નવી નવી અવસ્થા પલટે છે માટે પર્યાય, પર્યાય એટલે હાલત- દશા. તો ગુણપર્યાયવાળું ( દ્રવ્ય )એ દ્રવ્ય છે. એ સમુચ્ચય અત્યારે જીવને સિદ્ધ કરે છે. દર્શનજ્ઞાનમય છે એમ કહ્યું. જયસેનઆચાર્યની ટીકામાં તો એવી રીતે લીધું છે, જીવ છે એ નિશ્ચયથી પોતાના આનંદ ને જ્ઞાનપ્રાણથી જીવે માટે નિશ્ચય જીવ. વસ્તુ છે ને ! અસ્તિ છે ને ! છે તો તેના અસ્તિ-છે એવા શક્તિ ગુણ છે ને ! તો આનંદ ને જ્ઞાન આદિ એના ગુણ છે, એ પ્રાણથી કાયમ જીવે, ટકે માટે એને અમે જીવ કહીએ.

અને બીજી રીતે પણ લીધું કે, અશુદ્ધ ભાવપ્રાણ ( થી ) જીવે છે ને આ. ભાવપ્રાણ આ આયુષ્ય, મન, વચન ને કાયાના યોગે જે પ્રાણ છે અશુદ્ધ દશા વિકારી એના પ્રાણથી જીવે છે, ટકે છે એ પણ એક અશુદ્ધ નિશ્ચયથી કહ્યું છે. અને અસદ્ભૂત વ્યવહારથી દશ પ્રાણથી જીવે છે આ જડ, નિમિત્ત છે ને આ, પાંચ ઈન્દ્રિય આદિ એ તો જડ પર છે. એનાથી જીવે એમ અસદ્ભૂત વ્યવહારથી પણ કહેવાય.

હવે આંહી આપણે આવ્યું છે આંહી 'વળી તે કેવો છે ?' આંહી સુધી આવ્યું છે. છે ? ભાઈને બતાવો કેવો છે ? આ જીવવસ્તુ છે ને તત્ત્વ છે ને પદાર્થ છે. આ જેમ જડ છે, એ જેમ અસ્તિ છે તત્ત્વ એમ ચૈતન્ય એનો જાણનારો જાણનાર. જણાય છે, એ ચીજથી જાણનારો જુદી ચીજ છે. એ જુદી ચીજ છે એનાં બધા વિશેષણો વાપર્યા છે. એ જીવ કેવો છે ? એ શક્તિ અને અવસ્થાવાળો છે, ઉત્પાદ્વ્યયધ્રુવવાળો છે, દર્શનજ્ઞાનસ્વરૂપે છે, આંહી વળી તે કેવો છે ? વિશેષ વાત કરે છે.

'અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો '-વળી જીવમાં અન્ય બીજાં દ્રવ્યો નથી. આ શરીર, વાણી

કાંઈ જીવમાં નથી. ' અન્ય દ્રવ્યોના ' છે ને ? વિશિષ્ટ જે ખાસ ગુણો, એમ કરીને બીજી ચીજો પણ સિદ્ધ કરી. આકાશ નામનો પદાર્થ છે કે જે બધા પદાર્થને રહેવાને અવગાહન આપે. એવી એક અરૂપી ચીજ છે. બધી લાંબી વસ્તુ સિદ્ધ કરવા જાય તો વખત જાય, આકાશ નામનો એક પદાર્થ છે. એનો ગુણ અવગાહન છે, અવગાહન એટલે ? એમાં બીજા પદાર્થો રહે એવા ગુણને અવગાહન કહે છે. તો ઈ અવગાહન ગુણ આકાશનો છે. એ આત્મામાં નથી એમ સિદ્ધ કરવું છે. છે ? ઝીણી વાત છે ! શરૂઆતના શ્લોકો જ ઝીણાં છે !

' દ્રવ્યોના જે વિશિષ્ટ ( ખાસ ) ગુણો '– અવગાહન–આકાશનો અવગાહન ગુણ. એક ધર્માસ્તિ નામનું તત્ત્વ છે એનો ગતિ સ્વભાવ છે એટલે કે જડ–ચેતન ગતિ કરે તેમાં એ ધર્માસ્તિ તત્ત્વ નિમિત્ત છે. એનો ગતિ ગુણ છે. એક અધર્માસ્તિ છે. જીવ ને જડ સ્થિર રહે પોતાની શક્તિથી, ત્યારે એમાં નિમિત્તરૂપે જે દ્રવ્ય છે એને અધર્મ દ્રવ્ય કહે છે સ્થિતિ. " વર્તના " એ કાળદ્રવ્ય છે એક. અસંખ્ય કાળાણુ છે જે દરેક પદાર્થ બદલે છે– પરિણમે છે એમાં નિમિત્તરૂપ જે છે, એને કાળદ્રવ્ય કહે છે. લાંબી વ્યાખ્યા બહુ મોટી. આહા ! છે ? ' અને રૂપીપણું ' વર્તનાહેતુપણું તે કાળ અને રૂપી આ જડ આ શરીર, વાણી, પૈસા રૂપી છે જડ. જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. રૂપીપણું તે જડનો ગુણ છે. એ ગુણ આત્મામાં નથી.

' તેમના અભાવને લીધે ' બીજાં દ્રવ્યના જે ગુણો ખાસ છે તે ગુણોનો આત્મામાં અભાવને લીધે. આરે ! આવી વાતું છે. તત્ત્વની વસ્તુ બહુ મોંઘી પડી ગઈ ! લોકોને અભ્યાસ ન મળે અને બહારમાં રોકાઈ ગ્યા, મૂળ ચીજ શું છે ? ચૈતન્યવસ્તુ, એનાંથી બીજાં પાંચ પદાર્થ ભિન્ન છે. એ પાંચ પદાર્થના જે ખાસ ગુણ છે, એ ગુણોનો આમાં અભાવ છે. છે ?

' રૂપીપણું– તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા–જ્ઞાનસ્વભાવના સદ્‌ભાવને લીધે ' એનો તો ચૈતન્ય– જાણવું દેખવું એ સ્વભાવ છે. કાયમી ત્રિકાળી જાણવું અને દેખવું એવો ચૈતન્યસ્વભાવ– એ ચેતનનો આત્માનો ચૈતન્યસ્વભાવ કાયમી હોવાથી બીજા પદાર્થના ગુણનો એનામાં અભાવ છે. પોતાના ગુણનો એનામાં સદ્‌ભાવ છે. આહાહા ! ' ચૈતન્યરૂપતા સ્વભાવના સદ્‌ભાવને લીધે ' આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલ– એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે ' ચૈતન્યવસ્તુ, એ જગતના પાંચ પદાર્થ ( થી ) ભિન્ન છે એનાથી એ ભિન્ન જુદો છે. આહાહા ! આ છે નહીં–શરીરરૂપે છે નહીં, વાણી રૂપે નથી, કર્મરૂપે નથી, આકાશ ને ધર્મ–અધર્મરૂપે પણ આત્મા નથી. આહાહા ! ઘણું શીખવું પડે, અનાદિ કાળની વાસ્તવિક ચીજ શું છે અને એ કઈ રીતે રખડે છે, અને રખડવાનું પરિભ્રમણ બંધ કેમ થાય, એ ચીજો ( જ્ઞાન ) કોઈ અલૌકિક છે. આહાહા !

આંહી કહે છે. બીજાં દ્રવ્યોના જે ગુણો છે એનો આત્મામાં અભાવ છે. ' એ પાંચ દ્રવ્યોથી તે ભિન્ન છે ' કેમકે ( એનાં ) ગુણો આમાં નથી તેથી એ દ્રવ્યોથી ભિન્ન છે. ' આ વિશેષણથી એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો. ' એક જ આત્મા વ્યાપક છે એમ કેટલાક માને છે, વેદાંત, સર્વવ્યાપક એક આત્મા ( માને છે ) એનું નિરાકરણ થયું કર્યું કે એ વાત તારી ખોટી છે, એક નથી. ( શ્રોતાઃ આપણે કહીએ બીજા ખોટાં છે. ) એ માને ન માને વસ્તુ સિદ્ધ કરીને તો કહે છે કે બીજા પદાર્થોમાં ગુણ છે, તો ઈ ગુણવાળા દ્રવ્યો છે. તે ગુણ આમાં

( આત્મામાં ) નથી, માટે તે દ્રવ્યરૂપે આત્મા નથી, ન્યાયથી લોજિકથી તો કહે છે પણ હવે અભ્યાસ નહીં ને, શું થાય ? આહા ! બહારમાં ધરમને નામે પણ બીજા રસ્તે ચડાવી દીધાં લોકોને બિચારાને ! તત્ત્વ અંદર શું ચીજ છે અસ્તિપણે મોજૂદગી ચીજ અંદર અનાદિ અનંત છે અને તે પોતાના ગુણવાળી– શક્તિવાળી છે. તે બીજાના ગુણવાળી નથી તેથી તે બીજાં દ્રવ્યોનો જેમાં અભાવ છે. આહા !

‘ વળી તે કેવો છે ? ’ છેલ્લો બોલ એનો. ‘ અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ રહેવા છતાં ’ શું કહે છે ! ભગવાન આ ચેતનવસ્તુ જાણન–દેખન, બીજાં અન્ય–અનેરાં દ્રવ્યો એક જગ્યોએ રહેલાં છે. જુઓને ! આ શરીર આંહી છે, વાણી આંહી છે, આત્મા આંહી છે, બીજાં તત્ત્વો પણ આંહી છે. એવા એક જગ્યોએ આત્મા અને બીજાં પદાર્થો રહેવા છતાં, છે ? ‘ એકક્ષેત્રાવગાહ ( એટલે ) એક ક્ષેત્રમાં રહેલાં છતાં પણ ‘ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી ’ પોતે પોતાના સ્વરૂપથી છૂટતો નથી કદિ. એ ચૈતન્યસ્વરૂપ છે જાણન–દેખન જેનું સ્વરૂપ છે. એ બીજાં અન્ય દ્રવ્યોની સાથે એક જગ્યોએ ભેગા રહેવા છતાં પોતાના ચૈતન્યસ્વરૂપથી તે નાશ થતો નથી. આહાહા ! ઝીણી વાતું ઘણી ભાઈ ! હજી તો ( ઘણું ) કહેવું છે પછી એનું સ્વસમય ને પરસમય. આંહી તો હજી ‘ જીવ ’ આવો છે એટલી વાત સિદ્ધ કરે છે. આહા !

‘ છતાં પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી જે ટંકોત્કીર્ણ ચૈતન્ય–સ્વભાવરૂપ છે ’ જાણક્સ્વરૂપ અસ્તિરૂપે, સત્‌રૂપે, શાશ્વત ( જેની ) શરૂઆત નહીં, આદિ નહીં, અંત નહીં એવું ચૈતન્યસ્વરૂપ જેનો ગુણ છે. એવો આત્મા અનાદિથી છે. આહાહા !

‘ છે ’ એને આદિ ન હોય, ‘ છે ’ એનો નાશ ન હોય. ‘ છે ’ ઈ પોતાના ગુણથી ખાલી ન હોય, શું થાય ? આ તો મહાસિદ્ધાંતો છે બધા. આહાહા ! ટંકોત્કીર્ણ એટલે જેવો છે તેવો અનાદિથી ચૈતન્યસ્વભાવરૂપ છે. ‘ આ વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો ’, વસ્તુસ્વભાવની સ્થિતિ આમ હોય તેમ બતાવ્યું ‘ આવો જીવ નામનો પદાર્થ સમય છે ’ સમુચ્ચય વાત કરી. અંદર વસ્તુ ચૈતન્યસ્વરૂપ અને ચૈતન્યગુણવાળું તત્ત્વ, એનાથી બીજાં તત્ત્વો બીજાં ગુણવાળા એ ગુણોનો આમાં અભાવ છે માટે તે દ્રવ્યનો પણ આમાં અભાવ છે. એક જગ્યોએ રહેવા છતાં પોતાના સ્વ ચૈતન્યગુણથી કોઈ દિ ’ છૂટતો નથી. પરરૂપે થતો નથી ને સ્વપણું છૂટતું નથી. આહાહા !

શરીર, શરીરપણે રહ્યું છે, એ શરીર આત્માપણે થતું નથી, અને શરીરનો શરીરપણાથી અભાવ થતો નથી એનો. એમ આત્મા, આત્માપણે રહે છે, એ શરીરપણે થતો નથી, અને પોતાના સ્વભાવથી રહિત થતો નથી. આહાહા ! છે તો લોજિક, પણ ઝીણું બહુ બાપુ ! અત્યારે તો... સ્થૂળ ચાલે એટલે મારગ ઝીણો બહુ બાપુ ! જનમ–મરણ રહિત થવાનો મારગ પંથ, બહુ અલૌકિક છે. આહાહા !

હવે આવો જે જીવ ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન ’ શું હવે કહે છે ? આત્મામાં કેવળજ્ઞાન જ્યારે ઉત્પન્ન થાય છે, પૂરણ જ્ઞાન કેમકે પૂરણજ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. જ્ઞાનસ્વરૂપ કીધું ને ? ચૈતન્યસ્વરૂપ છે. તો ચૈતન્યસ્વરૂપ છે એટલે પૂરણ ચૈતન્યસ્વરૂપ છે, એટલે પૂરણ ચૈતન્યસ્વરૂપ છે એટલે સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યસ્વરૂપ છે. એનું જેણે ધ્યાન કરીને

જેની દશામાં કેવળજ્ઞાન ( પ્રગટયું ) એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય. એવું જે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. ' એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી ' આહાહા !

એટલે શું કહે છે ? કે ચૈતન્યસ્વરૂપ જે અંદર છે એ આ શરીર, વાણીથી જુદો ભેદજ્ઞાન અને પુણ્ય ને પાપના વિકલ્પની વૃત્તિઓ રાગ એનાથી જુદો એવું રાગ ને પરથી ભેદજ્ઞાન પ્રગટ થવાથી, પરથી જુદું પાડવાની ભેદજ્ઞાનની કળા પ્રગટ કરવાથી, એક તો જીવદ્રવ્ય સિદ્ધ કર્યું, બીજાં દ્રવ્યો સિદ્ધ કર્યા, બીજાં દ્રવ્યોના ગુણો નથી એમાં ( આત્મામાં ) માટે બીજાં દ્રવ્યો પણ એનામાં નથી. અને પોતાનો ચૈતન્યસ્વભાવ છે. એ એક જગ્યોએ બીજાં તત્ત્વો રહ્યાં હોવા છતાં પોતાના સ્વભાવને તે છોડતો નથી.

હવે એ સ્વભાવની પૂરણ પ્રાપ્તિ જયારે થાય છે તેને કેવળજ્ઞાન- સર્વજ્ઞજ્ઞાન કહે છે. જેમ લીંડીપીપરમાં ચોસઠ પ્હોરી તીખાશ ભરેલી છે. છોટી પીપર-લીંડીપીપર, કદે નાની, રંગે કાળી, પણ એનો તીખો સ્વભાવ ચોસઠપ્હોરો છે. તેથી ચોસઠ પ્હોરો ઘૂંટવાથી ચોસઠ પ્હોરી તીખાશ બહાર આવે છે. લીંડીપીપરની તીખાશ થાય છે ને ? પણ ઈ અંદર હતી, ઈ ચોસઠ પ્હોરી શક્તિ, ચોસઠ પ્હોરી એટલે રૂપિયો સોળ આના, ૬૪ પૈસા, એ લીંડીપીપરમાં પણ ચોસઠ પ્હોરી એટલે પૂરે પૂરી તીખાશ હતી, એટલે ઘૂંટવાથી હતી તે બહાર આવી છે. લાકડાને અને કોલસાને ચોસઠ પ્હોર ઘૂંટે તો, ચોસઠ પ્હોરી તીખાશ નહિ બહાર આવે કારણકે એમાં તે નથી. પણ આ પીપરમાં તો ( તીખાશ ) છે. છે ચોસઠપ્હોરી રૂપિયે, રૂપિયો પૂરણ. લીલો રંગ અને તીખાશની પૂર્ણતા એ એક-એક પીપર( ના ) દાણામાં પડી છે. તો છે ઈ બહાર આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે.

એમ ભગવાન આત્મા, એનામાં એ સર્વજ્ઞ સ્વભાવ-શક્તિ-ગુણ છે. સર્વજ્ઞ કહો કે પૂરણ જ્ઞાન કહો ચોસઠ પ્હોરું એટલે પૂરણ જ્ઞાન કહો. આહાહા ! પીપરની વાત બેસે પણ આ વાત ! આહાહા ! પૂરણ જ્ઞાન અંદર છે ( આત્મામાં ) ચોસઠ પ્હોર એટલે રૂપિયે રૂપિયો સોળ આના. એવા પૂરણજ્ઞાન ને પૂરણ આનંદસ્વરૂપ પ્રભુને જયારે એક વર્તમાનમાં કેવળજ્ઞાન થાય છે. ત્રણકાળ-ત્રણલોકને જાણનારું જ્ઞાન, ' એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી ' આહાહા ! ભાષા જુઓને, કેટલું સ્પષ્ટ કર્યું છે કોઈ આત્માને કેવળજ્ઞાન પૂરણ જ્ઞાન પ્રગટ કરવાને માટે કોઈ દયા દાન ભક્તિ પૂજાના પુણ્ય ભાવ એ કામ કરતા નથી. એનું તો ભેદજ્ઞાન, એ રાગ ને પરદ્રવ્યથી ભેદ- જુદું પાડવાનું ભેદજ્ઞાન, અને પોતે ભેદ છે જુદો, તેથી પરથી ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરવાથી તે ભેદજ્ઞાન જ્યોતિથી એની પર્યાયમાં એ જેમ લીંડીપીપરને ચોસઠપહોરી ઘૂંટવાથી જે અંદર શક્તિ હતી, પ્રાપ્તની પ્રાપ્તિ ચોસઠ પહોરી તીખાશ આવે છે, એમ આત્મા ભગવાનને રાગને પરથી ભિન્ન પાડીને અંતરમાં એકાગ્રતા કરવાથી જે શક્તિમાં સર્વજ્ઞસ્વરૂપે છે તે પર્યાયમાં સર્વજ્ઞપણું તેને પ્રગટ થાય છે. આહાહા !

આવા બધા સિદ્ધાંતો... ભારે ! આ તો કોલેજ છે. ( સ્વરૂપ ) કેટલું 'ક તો પહેલું જાણવું હોય, તો આ એનું ( સ્વરૂપ ) સમજાય. આહાહા ! શું કહ્યું ઈ ? કે જેમ એ પીપરમાં ચોસઠ પ્હોરી તીખાશ ભરી છે, તો એ ઘૂંટવાથી છે તે બહાર આવે છે, એમ આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ, ' જ્ઞ ' સ્વભાવ પૂરણ ભર્યો છે એને દયા-દાનના વિકલ્પ ને શરીર, વાણીથી ભિન્ન જુદો કરતાં, જુદો પાડતાં, ભેદ જ્ઞાન કરતાં એમાં પૂરણ જે ભર્યું છે તે તરફની એકાગ્રતાથી, પરથી જુદો પાડી, અને

સ્વમાં એકાગ્ર થતાં, એ લીંડીપીપરમાં જેમ વર્તમાનમાં કાળપ અને અલ્પ તીખાશ છે એને ઘૂંટવાથી, અલ્પ તીખાશને જૂદી પાડતાં અને અંદર તીખાશ પૂરી ભરી છે તે પ્રગટ થતાં, ભરી છે ઈ પ્રગટ થતાં, એમ આત્મામાં રાગ ને દયા દાન ને વિકલ્પ જે આદિ પુણ્ય પાપના કે શરીરના, એનાથી જુદો પાડતાં, એમાં પૂરણસ્વરૂપ ભર્યું છે એમાં એકાગ્ર થતાં, તે કેવળજ્ઞાન એટલે પરમાત્મ દશા– મોક્ષ દશા તેને ઉત્પન્ન થાય છે. આહાહા.

મોક્ષની દશાનો ઉત્પન્ન થવાનો ઉપાય ( એ છે. ) કે રાગ આદિ વિકલ્પ છે તે દુઃખરૂપ છે એનાથી મુક્ત થવું, અને સ્વભાવની પૂરણતામાં એકાગ્ર થવું, એ દુઃખથી મુક્ત થવું તે મુક્તિ અને તેના સ્થાનમાં અતીન્દ્રિયઆનંદ ને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થવું તે અસ્તિ. આહાહા ! શબ્દો પણ એકે એક ઝીણાં છે ! ખબર છે દુનિયાની બધાંની ખબર છે. આ માર્ગ જુદી જાતનો છે ભાઈ. આહાહા !

‘ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી, ભાષા છે ને ? ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન. ’ પૂરણ જ્ઞાન જ્યારે પ્રગટ થાય છે આત્મામાં, ત્યારે ઈ સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવા સમર્થ છે. પહેલો તો ઈ સિદ્ધાંત સિદ્ધ કર્યો. બીજો એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનું પ્રગટ થવાથી, આહાહા ! વ્યવહાર કરતાં કરતાં કેવળજ્ઞાન થશે એમ ન આવ્યું એમાં ભઈ. એ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એવા વ્યવહાર સદ્આચરણ કરો એ કરતા સર્વજ્ઞપણું મોક્ષ થશે એમ નથી. આહાહા !

એનાથી ભિન્ન પાડતાં અને સ્વભાવ જે પરિપૂર્ણ છે તેમાં એકાગ્ર થતાં, આમાંથી ખસતાં અને આમાં વસતાં. આહાહા ! ‘ પરથી ખસ, સ્વભાવમાં વસ એ ટૂંકું ટચ, એ તારે માટે બસ ’ આહાહા ! આકરાં સિદ્ધાંતો છે બાપુ ! આહાહા ! એ આંહી કહે છે પરથી ખસ, ભેદ કર, રાગ ચાહે તો દયા દાનનો હો પણ એનાથી ભિન્ન ભેદ કર અને સ્વરૂપ જે છે તેમાં વસ એકાગ્ર થા. તો તે ભેદજ્ઞાન દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ, કે જે કેવળજ્ઞાન સર્વ પદાર્થને જાણનારું છે તે કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. આહાહા !

જેમ ચોસઠ પ્હોરી તીખાશમાંથી, ચોસઠપ્હોરી તીખાશ બહાર આવે છે, એમ અંદર સર્વજ્ઞ સ્વભાવમાં એકાગ્ર થતાં, અને રાગથી ભિન્ન પડતાં, સર્વજ્ઞ સ્વભાવ શક્તિરૂપે છે એ પર્યાયમાં અવસ્થામાં પ્રગટરૂપે થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આવી વાત છે ભાઈ ! લોકો તો ક્યાંય બહારમાં મથ્યા છે ઘણાં. ભગવાનની ભક્તિ કરીએ ઈશ્વરની ભક્તિ કરીએ ને ! હવે ઈશ્વરની ભક્તિ કરે ઈ તો રાગ છે. અને તારો માલ ત્યાં ક્યાં છે કે ત્યાંથી આવે ? તારો તો આંહી પડયો છે અંદર. જે કંઈ પ્રગટ કરવાની તને ધર્મદશા– શાંતદશા પ્રગટ કરવાની તને ભાવના હોય, તો ઈ ક્યાં છે ઈ શાંતદશા ? તારી શાંતદશા ક્યાં ભગવાન પાસે છે ? તારી શાંતદશા પ્રગટ કરવાનું શાંતથી ભરેલું તારું તત્ત્વ છે. છે પ્રાપ્તની પ્રાપ્તિ છે. ‘ છે ’ એમાંથી આવશે. ભગવાન પાસે છે એમાંથી તારું આવશે ? સમજાણું કાંઈ ? આહાહા ! ઈ બે લીટીમાં તો ઘણું છે. આહાહા !

આવો જે જીવ વર્ણવ્યો, જીવ કહો કે આત્મા કહો. ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ ’ આહાહાહા ! પ્રભુ, આત્માને જયારે કેવળજ્ઞાન થાય છે–એકલું જ્ઞાન પ્રગટ રહે છે. વિકાર નહીં ને અલ્પજ્ઞતા નહીં. પૂરણ જ્ઞાન થાય છે આત્માને જયારે એ કેવળજ્ઞાન છે. એ

કેવળજ્ઞાન સર્વ પદાર્થના સ્વભાવને જાણવા સમર્થ છે. એ કેવળજ્ઞાન, રાગ ને પરદ્રવ્યથી ભિન્ન આત્માને કરતાં, જેમાં ઈ જ્ઞાનપણું પૂર્ણ ભર્યું છે તેમાં એકાગ્ર થતાં, પરથી એકાગ્રતા છૂટતાં, સ્વમાં એકાગ્રતા કરતાં, એ ભેદજ્ઞાનની જ્યોતિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા !

ભેદજ્ઞાન કહો કે મોક્ષમાર્ગ કહો, કેવળજ્ઞાન કહો કે મોક્ષ કહો. ( એકાર્થ છે. ) આહાહા ! કેટલું યાદ રહે આમાં ? બધું અજાણ્યા જેવું લાગે, બધી ખબર છે ને જગતની. બાપુ ! મારગ કોઈ જુદો છે ભાઈ ધરમ, એ ધરમ પ્રગટ થવો, ધરમ એટલે આત્માની શાંતિ, વીતરાગતા, નિર્દોષતા, સ્વચ્છતા, એ પ્રગટ થવું એ ક્યાંથી પ્રગટ થાય ? કહે છે કે પરથી હઠી, પરથી જુદું પાડી અને જેમાં એ શક્તિઓ પડી છે તેમાં એકાગ્રતા થતાં, એ સ્વચ્છતાથી ભરેલો ભગવાન છે, એ અતીન્દ્રિય જ્ઞાનથી પૂરો ભર્યો છે પ્રભુ, ( નિજાત્મા ) અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પણ પરિપૂર્ણ પ્રભુ છે. આહાહા !

જે વસ્તુ હોય એનો સ્વભાવ અપૂર્ણ ન હોય. પૂરણ સ્વભાવથી ભરેલો ભગવાન ( આત્મા ) એમાં એકાગ્ર થવાથી અને પરથી ભિન્ન પડવાથી/અસ્તિ નાસ્તિ કરી, પરથી નાસ્તિ ને સ્વથી અસ્તિ એમાં એકાગ્રતા, એવું જે ભેદજ્ઞાન એ મોક્ષ નામ પૂરણજ્ઞાન ઉત્પન્ન કરવાનું કારણ છે. આહાહા ! આમાં હવે નવરાશ કે દિ ' મળે ? આખો દિ ' ધંધા પાણી બાયડી-છોકરાં સાચવવાં, ધંધા કરવા, એમાં હજી ધરમ તો નહીં પણ પુણ્યનાં ય ઠેકાણાં ન મળે કે બે-ચાર કલાક સત્ય આવી ચીજ છે એને વાંચવી, વિચારવી, સાંભળવી, એવો ય વખત ન મળે. હિંમતભાઈ ! આહાહા !

આંહી તો એકદમ ભગવાન આત્માને સિદ્ધ કરી ' जीवो ' આહાહા ! આવો, આવો છે ગુણપર્યાયવાળો, ઉત્પાદ્ વ્યય ધ્રુવવાળો, દર્શનજ્ઞાન સ્વરૂપી વિગેરે એ જીવ, બીજાં તત્ત્વો છે, બીજાં તત્ત્વો ન હોય તો બીજાં તત્ત્વોને લક્ષે વિકાર થાય એ વિકાર ન હોય. પોતાના સ્વભાવના આશ્રયે વિકાર ન થાય. કેમકે સ્વભાવમાં વિકાર છે નહીં. એથી જે વિકાર થાય છે પુણ્ય ને પાપનો, એ પરદ્રવ્યના લક્ષે થાય છે. તેથી પરદ્રવ્ય અને પરદ્રવ્યના ગુણોનો જેમાં અભાવ છે એટલે એને લક્ષ પર ઉપર કરવાનું છે નહીં. આહાહા !

તારામાં જ ભરેલા, ઈ પીપરમાં જેમ લીલો રંગ ભરેલો છે, કાળા રંગનો નાશ થઈને એ લીલો પ્રગટ ( થાય ) છે, અંદર ભર્યો છે. લીલો બહારથી કાંઈ આવતો નથી. લીલી થાય છે ને આ પીપર પીસે ત્યારે, લીલો રંગ, હરા રંગ એમાં રંગ પડયો છે ઈ બહાર આવે છે.

એમ પ્રભુ આત્મામાં લીલો નામ અનંત જ્ઞાન, આહાહા ! અને તીખો નામ અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, એવી શક્તિથી ભરેલું જીવતત્ત્વ છે, એને કેવળજ્ઞાન ને મુક્તિ પ્રાપ્ત કરનારને પરદ્રવ્યથી ભિન્ન પાડીને, પોતાના પૂરણ સ્વભાવમાં, પૂર્ણ પર્યાય પ્રગટ કરવા માટે, પોતાના પૂરણ સ્વભાવમાં એકાગ્ર થતાં તે ભેદ જ્ઞાનથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા ! ઈશ્વરની ભક્તિ ને કરોડો રૂપિયાના દાન ને માળા જપે-માળા નમો અરિહંતાણં, નમો અરિહંતાણં એ બધું વિકલ્પ ને રાગ છે, એનાથી તો ભેદ પાડે- જુદો પાડે, કેમકે સ્વરૂપમાં એ રાગ નથી, સ્વરૂપમાં તો જ્ઞાન દર્શન ને આનંદથી ભરેલું સ્વરૂપ છે. રાગથી ખાલી છે ઈ અને સ્વભાવ શુદ્ધથી ભરેલો છે ઈ. આહાહા ! વસ્તુ જે હોય તે પોતાના સ્વભાવથી અપૂર્ણ ન હોય, અને વસ્તુ જે હોય એમાં વિકાર ન હોય. વિકાર તો એની વર્તમાન દશામાં હોય

છે, ત્રિકાળમાં ન હોય, ત્રિકાળમાં જો વિકાર હોય તો વિકાર કોઈ દિ ' ટળે નહીં ને સુખી કોઈ દિ ' થાય નહીં. આહાહા !

' સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન ' એક તો કેવળજ્ઞાનની સિદ્ધિ કરી. કોઈ એમ કહે કે ત્રણકાળનું જ્ઞાન થાય જ નહીં આત્માને... સર્વ પદાર્થોના સ્વભાવને જાણવાની શક્તિ આત્મામાં છે જ નહીં, એને આંહી જૂઠો ઠરાવ્યો છે. આહાહા !

ભાઈ, ખરેખર તો તારો ' જ્ઞ ' સ્વભાવ છે ને ' જ્ઞ ', ' જાણવું ' એ સ્વભાવ છે ને ! ઈ કોનો સ્વભાવ છે ? શરીરનો ? રાગનો ? કર્મનો ? ઈ ' જાણવું ' તો ચૈતન્યનો સ્વભાવ છે, આત્માનો, અને જેનો જે સ્વભાવ છે એ ' જ્ઞ ' સ્વભાવ એ અપૂર્ણ ન હોય. જેનો સ્વ.. ભાવ છે પોતાનો ભાવ, એ અપૂર્ણ ન હોય, વિપરીત ન હોય. આહાહા ! એ પૂરણ સ્વરૂપ છે એ પૂરણ શક્તિરૂપે પૂરણ સ્વરૂપ છે. એને રાગ દયા–દાનના વિકલ્પથી પણ જુદો પાડી, કેમકે એમાં પૂરણ થવાની શક્તિ એનામાં નથી રાગમાં–વ્યવહારમાં, પૂરણ થવાની શક્તિ તો સ્વભાવમાં છે. એથી સ્વભાવમાં એકાગ્ર થતાં, ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થતાં, અને રાગની– પુણ્યપાપની ક્રિયાથી ભિન્ન પડતાં, જે સર્વજ્ઞસ્વભાવ સર્વપદાર્થના સ્વભાવને પ્રકાશવા સમર્થ છે, તે ભેદજ્ઞાનજ્યોતિથી કેવળજ્ઞાન થાય છે. આહાહાહા !

આમાં કેટલું આમાં યાદ રાખવું ? બધા નવા સિદ્ધાંત લાગે, નવા નથી બાપુ ! તારું સ્વરૂપ જ એ છે. તેં જાણ્યો નથી તને, એ ચીજ અત્યારે બધી ગૂમ થઈ જાય છે. આહાહા ! ઈ હવે બહાર આવે છે. આહાહા !

ભાઈ, તું કોણ છો ? જેમ ઈ પીપર ચોસઠપ્હોરી, એટલે સોળઆના સોળઆના કહો, ચોસઠ પૈસા કહો, કે રૂપિયો કહો ( પૂરણ ) સ્વભાવથી ભરેલી તીખાશથી તે વસ્તુ છે એમ આ ભગવાન આત્મા વસ્તુ છે એ સોળ આના નામ પૂરણ જ્ઞાન ને આનંદથી ભરેલી શક્તિવાળું એ તત્ત્વ છે. આહાહા ! એ શક્તિમાં એકાગ્ર થતાં, જ્યારે એ શક્તિમાં એકાગ્ર થવું છે ત્યારે પર તરફથી ખસી જવું છે, પર તરફથી ભિન્ન પડયા વિના, સ્વમાં એકાગ્ર થવાય નહીં. આહાહા ! અને સ્વમાં એકાગ્ર થયા વિના, સ્વમાં શક્તિ જે છે એમાં એકાગ્ર થયા વિના એની દશામાં પરિપૂર્ણ જ્ઞાન ને પરિપૂર્ણ આનંદ કોઈ દિ ' પ્રગટ ન થાય. સમજાણું કાંઈ ?

પ્રવીણભાઈ ? આવી વાતું છે, છે દુનિયાને એવું લાગે એવું છે પાગલ જેવું લાગે એવું છે ! આખી લાઈન ફેર છે, હેં ? આખો મારગ ફેર છે બાપુ, તને ખબર નથી ભાઈ ! અનંતકાળનો અજાણ્યો મારગ એને આંહી જાણવાનું કહીને, પૂરણની પ્રાપ્તિ એનાથી થશે. પૂરણ પરમાત્મ દશા જનમ મરણ રહિત દશા, એ રાગથી ભિન્ન અને પૂરણ સ્વભાવમાં એકાગ્રતા એનાથી થશે. આહાહા !

આમાં તો કોઈ કંઈક માને ને કોઈ કંઈક માને એમ અજ્ઞાની અનાદિથી ભ્રમણામાં પડયા, પરિભ્રમણ કરી, ચોરાશીના અવતાર, કાગડા ને કૂતરાંના અવતાર કરી–કરીને, માંડ માંડ માણસપણું મળ્યું હોય, એમાં જો આ રીતે નહીં સમજે, પાછા ઈ ના ઈ દોષે અવતાર છે. આહાહા !

આંહી તો ઈ અવતારનો અભાવ કરવાની રીત જ બતાવે છે. આહાહા ! કે જેમાં ઈ ભવ ને ભવનો ભાવ, જેના સ્વરૂપમાં નથી, જેના સ્વભાવમાં તો પરિપૂર્ણ જ્ઞાન આનંદ છે. આહાહાહા ! ભાઈ, તું વસ્તુ છો, વસ્તુ છે તેમાં શક્તિ અને ગુણો વસેલાં– રહેલાં છે. એ શક્તિ–

ગુણ વિનાની ચીજ હોઈ શકે નહીં, અને એ શક્તિ ને ગુણ પરિપૂર્ણ આનંદ જ્ઞાનાદિ પરિપૂર્ણ ગુણ ને શક્તિ છે. તો જે તારી ચીજમાં નથી, એવા આ શરીર વાણી મન, પુણ્ય પાપના ભાવ, એનાથી જુદો પડી અને તારામાં જે પૂરણ પડયું છે તેમાં એનો આદર કરી, તેમાં એકાગ્ર થઈ, તને તારી દશામાં કેવળજ્ઞાન મુક્ત દશા, દુઃખથી મુક્ત અને આનંદ ને જ્ઞાનથી સહિત થશે તારી દશા. આહાહાહા !

બે લીટીમાં તો બહુ ભર્યું છે, એકલા સિદ્ધાંતો છે. આહાહા !

' જ્યારે આ જીવ ' એમ કીધું ને ? જીવની વ્યાખ્યા તો કરી. જ્યારે આ જીવ હવે પોતે કરે ત્યારે, કો 'ક કરી દે ને કો 'ક કરાવી દે ને, એમ છે નહીં. આહાહા ! ' જ્યારે આ આત્મા, સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન સર્વજ્ઞ જ્ઞાન ' એ પૂરણ જ્ઞાન પ્રગટ કરે તો એનો અર્થ છે કે અંદર પૂરણ જ્ઞાન છે. આહાહા ! અંદર કેવળ... એક... કેવળ એક જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ છે. આહાહા ! અસ્તિ ચૈતન્યસ્વરૂપ પૂરણ, જ્ઞાન ને આનંદથી પૂરણ છે. તે ચીજમાં જેને એનો આદર કરવો હોય, એણે રાગાદિનો આદર છોડી દેવો, એટલે કે એનાથી ભિન્ન પડવું. આહાહા ! ચાહે તો દયા દાન વ્રત ને ભક્તિ પૂજા હો, એ પણ એક રાગ છે, વિકલ્પ છે, વૃત્તિ છે. ( શ્રોતાઃ આ સાંભળવું ય રાગ ? ) સાંભળવું ઈ એ રાગ છે ને કહેવું ઈ એ રાગ છે. આહાહા !

આ તો જનમ મરણ રહિત થવાની વાતું છે પ્રભુ ! જનમ-મરણને ચોરાશીના અવતાર કરી કરીને અનંતા અવતાર કર્યાં. વસ્તુ છે ને પોતે, છે તો રહી ક્યાં અત્યાર સુધી ? છે તો છે આત્મા. એ રહી ચાર ગતિ રખડવામાં રહી આ કાગડા ને કૂતરાના ભવ કરી કરી નરકના ને નિગોદના ને મનુષ્યના. આહાહા ! અને એક ગતિમાં ગમે ત્યાં જાય ત્યાં દુઃખ જ છે, પરાધીનતા છે, સ્વર્ગ હોય તો ય દુઃખ છે પરાધીનતા. અબજોપતિ આ શેઠિયાવ ધૂળના ધણી કહેવાય એ બધા દુઃખી બચારા છે. આહાહા ! દુઃખી છે બિચારાં. આહાહા ! ( શ્રોતાઃ પૈસા હોય અને બિચારા ? ) પૈસા જોઈએ છે ને એને ? આત્મા જોતો નથી, એને આ ધૂળ જોઈએ છે. આ લાવો. આ લાવો. આ લાવો એ માગણ ભિખારી છે. અંદરમાં અનંત આનંદ ને અનંત જ્ઞાન ભર્યું છે. એવી લક્ષ્મીવાળો પ્રભુ ( પોતે ) છે અંદર એની પાસે જાતો નથી. જ્યાં મળે એવું છે ત્યાં જાતો નથી. જેમાં( થી ) આવે એવું નથી ત્યાં જઈને માગ્યા કરે છે. અને તે પણ પૈસો આવે તો કાંઈ એની પાસે આવતા નથી. એની પાસે તો મમતા આવે છે કે મને પૈસા આવ્યા, કે મને પૈસા આવ્યા, એવી મમતા ( મારાપણું ) પૈસો, પૈસામાં રહે છે, જડમાં. આહાહા !

અને આ તો એવી ચીજ છે વસ્તુ છે ને ! તો આંહી પુરણ જ્ઞાન પ્રગટ કરવાનો ઉપાય કહે છે ને ? તો ઈ પૂરણ જ્ઞાન પ્રગટ કરવાની સમયની દશા એવી તો અનંતી શક્તિ જેનામાં હોય, એમાં એકાગ્ર થાય તો કેવળજ્ઞાન થાય. આહાહા ! એકલું કેવળજ્ઞાન એક જ પર્યાય હોય તો એમાંથી પર્યાય એક જ આવે તો બીજે સમયે શું થાય ? આહાહા ! એક સેકન્ડના અસંખ્યભાગમાં નાનામાં નાના સૂક્ષ્મ કાળમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી આત્મામાં શક્તિ, પર્યાયમાં પ્રગટ થાય, એને કેવળજ્ઞાન કહે છે. દશામાં પ્રગટે એને કેવળજ્ઞાન કહે છે. એવી તો અનંતી-અનંતી શક્તિઓ અંદરમાં પડી છે. નહિતર એક જ પર્યાય બહાર આવી ને એવડો જ હોય ને ( તો તો ) ખાલી થઈ જાય તો પછી ખલાસ થઈ ગયું. એમ કોઈ દિ ' બને નહીં. આહાહા !

સત્યના સિદ્ધાંતો બહુ કઠણ છે બાપુ. આહાહા ! અત્યારે તો લોકો, ગુરુએ ને ધરમના ગુરુઓએ કંઈકનું કંઈક ચલાવીને ચડાવી માર્યું છે બધી ખબર છે દુનિયાની. આહાહા !

સત્ પ્રભુ છે અને જે છે ઈ શક્તિ વિનાનો ન હોય, એટલે એના ગુણ વિનાનો સ્વભાવ વિનાનું એ તત્ત્વ ન હોય. જેમ 'છે' એમ એના ગુણો પણ, શક્તિ પણ ત્રિકાળ છે. જેમ દ્રવ્ય પૂરણ છે એમ એનાં ગુણો પણ પૂરણ છે. એવો ભગવાન આત્મા. આહાહા ! અરે ! એને કેમ વિશ્વાસ બેસે ? આંહી પાંચ–પચાસ હજાર જ્યાં પૈસા મળે ત્યાં રાજી–રાજી થઈ જાય ધૂળ એમાં ! (શ્રોતાઃ સાધારણ માણસ શેઠ થાય તો ખુશી થાય)

મૂઢ છે તેથી ખુશી થાય. મૂઢ છે ને મૂઢ સાધારણ કોને કહેવું ? પ્રભુ તો અંદર આનંદથી ભરેલો છે. એની લક્ષ્મીનો પાર નથી, અમાપ ને અમાપ ને અમાપ અપરિમિત, અપરિમિત નામ મર્યાદા જેમાં નથી એવો સ્વભાવ છે બાપુ ! જેનો સ્વભાવ હોય એને મર્યાદા હોય નહીં. એ શું ? આહાહા !

એવું જે આત્મતત્ત્વ જેમાં અપરિમિત, મર્યાદા વિનાના સ્વભાવ ને શક્તિઓ પડી છે. એનો વિશ્વાસ લાવી અને પુણ્ય ને પાપના ભાવ અને એનાં ફળ બહારનાં એનો વિશ્વાસ ઊઠાડી દઈ, આહાહાહા ! એમાં હું નથી, એમાં મને કંઈ લાભ નથી. આહાહા ! અને જેમાં હું છું તેનાથી મને લાભ છે, એવો પોતાનો સ્વભાવ સ્વભાવવાન જેમ છે અનાદિ. એમ એનો સ્વભાવ, સ્વભાવવાન હોય ને સ્વભાવ ન હોય ? સાકર હોય ને ગળપણ ન હોય એમ બને ? (કદી ન બને) એમ આત્મા સ્વભાવવાન છે અને એનો સ્વભાવ આનંદ ને જ્ઞાન ન હોય એમ બને નહીં ત્રણકાળમાં. આહાહા ! અને જેનો સ્વભાવ છે એ પરિપૂર્ણ છે. સ્વ....ભાવ પોતાનો ભાવ, પોતાનું સત્ત્વ, પોતાની શક્તિ, પોતાનો ગુણ, પોતાનો સ્વભાવ. આહાહા ! એવા આત્મામાં એકાગ્ર થવાથી અને રાગ ને શરીરની ક્રિયાથી ભિન્ન પડવાથી એને કેવળજ્ઞાનજ્યોતિ સર્વ પદાર્થને પ્રકાશવામાં સમર્થ એવી પ્રગટ થાય છે.

કાલ ઓલા ભાઈ નહોતા રાડ નાખી ગયા સરદાર ? શુભરાગ દયા દાન ને વ્રત ને શુભરાગ ? બધાએ ધરમ મનાવી દીધો સૌ માળાએ ! વૃત્તિ ઊઠે છે, વૃત્તિ વિકલ્પ છે રાગ છે. આહાહા ! એનાથી ભિન્ન પડતાં, સ્વરૂપમાં અભિન્નતા થતાં 'પરથી વિભક્ત ને સ્વથી એકત્વ' ત્રીજી ગાથામાં કહેશે. આહાહા ! સમજાણું કાંઈ ?

હવે આમાં દેવ ગુરુ શાસ્ત્રથી ય પણ મળે એવું નથી એમ આંહી આવ્યું આંહી તો કેમકે જે આ ગુણો છે ઈ એમાં નથી. અને એના ગુણો જે છે ઈ આમાં નથી. તો જ્યાં ગુણ છે ત્યાં જાય તો મળે, આ ગુણો ત્યાં નથી એની પાસે. (શ્રોતાઃ એ ભલે પણ ઈ જાણતો નથી તો એને બતાવનાર તો જોઈએ ને ?) બતાવનાર જોઈએ પણ 'જાણનારો જાણે' ત્યારે બતાવનારે જોયું, બતાવનારે બતાવ્યું એમ કહેવાય ને ? એ આ નળિયાં સોનાના થયા લ્યો એમ સવારમાં નથી કહેતાં ? સૂરજ ઊગી ગ્યોને ઓલો ઊઠે નહીં. ઓલા નળિયાં ધોળાં થઈ ગ્યા હોય ને સૂરજ ઊગ્યો 'તો... (શ્રોતાઃ એ તડકો થયો હોય !) એ તડકો થયો 'તો જો નળિયાં સોનાના થયાં, પણ કોને ? તે જુએ એને કે ન જુએ એને ? ઓલાએ તો કહ્યુંઃ કે એ ભાઈ સોનાના નળિયાં થયાં હવે તો ઊઠ, ક્યાં સુધી સૂઈ રહીશ ? એટલે શું ? નળિયાં ઊજળાં થયાં, સૂર્યના પ્રકાશથી પણ

જોનારને ખબર પડે કે આંખ્યું ( વીંચીને સૂતેલાને ખબર પડે ? ) ઓરડો એક હોય, બારણું એક હોય આંહી ત્રણ ગોદડાં ઓઢયાં હોય, આંખ્યુંમાં ચીપડાં વળ્યાં હોય હવે એને શી રીતે જોવું ઈ ? આહાહા ! સમજાણું કાંઈ... ?

આ બધા દાખલા, શાસ્ત્રમાં છે હોં ? એકે એક દાખલા.

એમ અનાદિથી મિથ્યાદર્શનજ્ઞાન અજ્ઞાનને ( ભ્રમના ) એના ચીપડાં તો પડયાં છે અંદર, આંખ્યું તો બંધ છે. અને ઓરડો એક જ છે. બારણું ખુલ્લુ કરવાને-જવાને એની સામું તો જોતો નથી, તો નળિયાં ધોળા ક્યાંથી દેખાય એને ? આહાહા ! એમ આ ભગવાન આત્મા અજ્ઞાન ને રાગ દ્વેષમાં ઊંઘે છે. એને એમ કહે કે આ ચૈતન્યપ્રકાશનું પૂર અંદર પડયું છે ને ? આહાહા ! પણ બતાવનારે બતાવ્યું પણ જોનારે જોયા વિના એને આસ્થા ક્યાંથી બેસે ?

એ ગુણનો તેજ છે, ચૈતન્યના પૂરનું તેજ છે ચૈતન્ય તેજ છે પ્રભુ તો. આ સૂર્યના પ્રકાશના તેજને પોતાના તેજની ખબર નથી ( સૂર્યના ) પ્રકાશની ખબર તો આ ( આત્માના ) પ્રકાશને ખબર છે ચૈતન્ય પ્રકાશ જાણે છે કે આ જડ પ્રકાશ છે. હું ચૈતન્ય પ્રકાશ છું. આહાહા !

પણ એ એનું માહાત્મ્ય આવ્યું નથી ને ? આત્મા એટલે શું ને કેવડો ને કેમ અને એની દશા પૂરણ પ્રગટ થાય તે કેવડી, કેવડી હોય કોઈ દિ ' સાંભળ્યું નથી, બેઠું નથી. નવરો નથી, બાવીસ કલાક ત્રેવીસ કલાક તો બાયડી, છોકરાં ધંધો ને પાપમાં પડયો. કલાક-બે કલાક મળે તો તેને કુગુરુ મળી જાય એવા, રસ્તે ચડાવી દૈ બીજે, છે ત્યાં જાય નહીં, નથી ત્યાં ગોઠવી દૈ એને, એ પુણ્ય કરો, દાન કરો, વ્રત કરો, ભક્તિ કરો, જેમાં નથી આત્મા, અને એમાંથી પ્રગટે એવો નથી, એમાં ચડાવી દીધાં એને. આહાહા ! ઝીણું તો પડે ભાઈ. આહાહા !

' ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી ' ભાષા દેખો ! આ ઉદય શ્રીમદ્ વાપરે છે ને ? ' ઉદય થાય ચારિત્રનો ' ઉદય નામ પ્રગટ. આહાહા ! અસ્તિ છે વસ્તુ છે આત્મા તો એની શક્તિ પણ કાંઈક સ્વભાવ છે કે નહીં ? તો જેમ ઈ વસ્તુ પોતે એકરૂપે છે, પરના અભાવસ્વભાવસ્વરૂપ છે. એમ એની શક્તિઓ એકરૂપે પૂરણ છે. અને તે પણ પરના ભાવના અભાવસ્વભાવસ્વરૂપ છે. આહાહા !

એવો ભગવાન આત્મા, સર્વોત્કૃષ્ટ પોતે પરમાત્મ સ્વરૂપ જ શક્તિએ-સ્વભાવે છે, એમાં એકાગ્ર થવાથી અને રાગની ક્રિયા ને શરીરની ક્રિયા ને બહારની ક્રિયાથી ભેદ પાડીને જુદો પાડીને, કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે. આહાહાહા !

આવું છે આ, બહારમાં શું કરવું પણ આમાં ? આહાહા !

બહારનું કાંઈ કરીશ ( તો પણ ) અંદરનું મળે એવું નથી લે સાંભળ. ( શ્રોતાઃ પણ બહારનું ક્યાં કરી શકે છે ? ) બહારમાં છે પણ ક્યાં બહારમાં, તું છો ક્યાં ? શરીરમાં છે ? વાણીમાં, જડમાં પૈસામાં ? અરે, પુણ્યપાપના ભાવ થાય શુભઅશુભ, એમાં આત્મા છે ? એ તો રાગ છે. આહાહાહા ! ન્યાયથી જરી, લોજિકથી... પકડશે કે નહીં ? હેં ? એમને એમ આંધળે-આંધળું. અરેરે ! આંખ્યું વીંચીને, ક્યાંય ચાલ્યો જશે. દેહની સ્થિતિ પૂરી થઈ જશે, થઈ રહ્યું આત્મા તો અવિનાશી છે, તે આત્મા ભેગો નાશ થાય એવો નથી. શરીર તો નાશ થઈ જશે આંહી. ભગવાન તો એમને એમ. ( અનાદિ-અનંત ! )

અને ( અજ્ઞાની ) આ મારા, આ મારા માનીને અજ્ઞાનપણું સેવીને એ ચાલ્યો જશે,

રખડવા ચોરાશીમાં. આહાહા ! ત્યાં કાંઈ ધર્મશાળા નથી, પાંજરાપોળ ત્યાં ક્યાંય નથી ત્યાં માશીબા બેઠાં નથી કે આવો ભાઈ. આહાહા !

જેમાં તું છો... તારો સ્વભાવ છે અને તે સ્વભાવથી સ્વભાવવાન ખાલી હોય નહીં પ્રભુ. એ સ્વભાવ પૂરણ છે. એક એક ગુણ અનંત ગુણોની શું વાતો કરવી. આહાહા ! જેની સંખ્યાએ ગુણનો પાર ન મળે. આહાહા ! એ દરેક ગુણ પરિપૂર્ણ છે અને એવા પરિપૂર્ણ ગુણનો પુંજ પ્રભુ તે આત્મા છે. એ આત્મામાં રાગથી ભેદજ્ઞાન કરીને, માર્ગ આ છે બાપુ ! બીજા ગમે તે રીતે ચડાવે ( બીજે ) રસ્તે જીવન ચાલ્યા જશે પ્રભુ, પાછું મનુષ્યપણું અનંત કાળે મળવું મુશ્કેલ થશે. આહાહા !

બે લીટીમાં તો, ઓહોહોહો ! પછી કહે છે ‘ સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું કેવળજ્ઞાન ’ એકલી પર્યાય જ્ઞાનની પૂરણ પ્રગટ થાય એને ‘ ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ’ એને પરથી ભિન્ન પાડવાની ભેદજ્ઞાન દશા તે પૂરણ પ્રાપ્તિનો ઉપાય છે. એ સર્વ પરદ્રવ્યથી છૂટી, ભેદ કહ્યું ને ? ભેદજ્ઞાન કીધું ને ? તો સર્વ પરદ્રવ્યથી છૂટી, પુણ્ય ને પાપ આદિના ભાવો થાય, દયા–દાન આદિના ભાવ એ પણ પરદ્રવ્ય રાગ છે, એનાથી છૂટી ‘ દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ ’ આહાહા !

‘ જે દર્શનજ્ઞાનસ્વભાવ છે એમાં નિયત–નિશ્ચય પરિણતિરૂપ, અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ’ આહાહાહાહા ! જ્યારે એ ભગવાન આત્મા પરદ્રવ્યથી છૂટી, પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમાં સ્થિર રહે નિયતવૃત્તિ નિશ્ચયવૃત્તિ પરિણતિ એવું અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ત્યારે દર્શનજ્ઞાનચારિત્ર ત્રણેય લેવું છે ને પાછું ? પાઠમાં ‘ ચારિત્રદર્શનજ્ઞાન ’ હતું ( અહીંયાં ) પાછું લઈ લીધું હતું ઈ. ( ઓલું તો ) પદ્યમાં ગોઠવવા સાટુ. આહાહા !

‘ સર્વ પરદ્રવ્યોથી છૂટી ’ એમાં કયું બાકી રહ્યું ? પરમાત્મા, દેવ ગુરુ શાસ્ત્ર, એનાથી છૂટી, કહો શિવલાલભાઈ ! કેવળી, ગુરુ એ પરદ્રવ્ય ? એના બાપે પ્રશ્ન કર્યો ’તો દસની સાલમાં ચોવીસ વર્ષ થયા, બોટાદમાં મ્યુનિસિપાલીટીનાં મકાનમાં વ્યાખ્યાન ચાલતું હતું, દશની સાલ, આ પ્રશ્ન, દેવગુરુશાસ્ત્ર ઈ પર ? શુદ્ધ છે ઈ પર ? લાખવાર પર. આંહી સર્વ દ્રવ્ય પર કીધાં ને ? એમાં દેવગુરુ બાકી રાખ્યાં ? આહાહા ! ‘ સર્વ પરદ્રવ્યોથી છૂટી ’ આહાહા ! દર્શનજ્ઞાનસ્વભાવ પોતાનો... એમાં જ્ઞાનદર્શન ચારિત્ર છે ને ? ‘ નિયત વૃત્તિરૂપ એવું અસ્તિત્વરૂપ આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે ત્યારે તેને દર્શનજ્ઞાનચારિત્રમાં સ્થિત હોવાથી ’ આહાહાહા ! અંતર્ સ્વરૂપમાં શ્રદ્ધામાં વર્તે, જ્ઞાનમાં વર્તે ને સ્થિરતામાં વર્તે ત્યારે તે આત્મા દર્શન જ્ઞાન ચારિત્રમાં આવ્યો, તેથી તેને સ્વસમય નામ આત્મા સાચો કહેવામાં આવે છે. આહાહા ! સ્વસમય એને કહીએ, એને આત્મા કહીએ. આહાહાહા !

છે તો છે પણ પરિણતિમાં શ્રદ્ધા જ્ઞાનચારિત્રમાં આવે ત્યારે એને ‘ છે ’ એવો આત્મા સ્વસમય કહીએ એમ કહે છે. શું કહ્યું ઈ ? છે તો છે. આહાહા ! વસ્તુ તો છે અનંત આત્માઓ પડયા છે અંદર પણ એનું–એની તરફની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, પૂર્ણાનંદના નાથમાં શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્રની પરિણતિ કરતાં તેને આત્મા સાચો કહેવામાં આવે છે. અને તે સ્વ સમય નામ આત્મા, આત્મારૂપે થયો એમ એને કહેવામાં આવે છે. અને તેને ધર્મી કહેવામાં આવે છે.

વિશેષ કહેવાશે... ( પ્રમાણવચનગુરુદેવ ! )